BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# નળથી જળ યોજના : સ્થિતિ અને પ્રભાવ

ડૉ.કૈલાસ ભોયે,
મદદનીશ અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
kailas@gujaratvidyapith.org mob-9727868734

**સારાંશ (Abstract)**

ભારત સરકાર દ્વારા પીવાના શુદ્ધ જળના સંકટને દૂર કરવાનો ખૂબ જ મહત્વનું પગલુ એટલે જળ જીવન મિશન. 'હર ઘર જળ', 'નળથી જળ'. નામે ઓળખાતી યોજનામાં પ્રથમવાર દેશમાં લોકોને પીવાનુ શુદ્ધપાણી દરેક ઘરે નળથી પહોંચાડવાની સરકારે ખાતરી આપી છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવતા આંકડાઓનો અભ્યાસ કરતા ખાતરી પ્રમાણે સરકાર આ કાર્યમાં ઝડપથી સફળ થઇ રહી છે. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક માહિતી આધારિત છે. આ અભ્યાસ દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના સંદર્ભમાં છે. ભારત સરકારના જળ જીવન મિશન હેઠળ સુબીર તાલુકામાં નળથી જળ યોજના અંતર્ગત બધા જ ઘરોને નળના જોડાણની કામગીરી 100 ટકા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી છે. અહિ સરેરાશ 100 થી 150 ઇંચ વરસાદ પડે છે, પરંતુ સૌથી વધુ પાણીની તંગી આ તાલુકામાં જોવા મળે છે. તેથી આ તાલુકામાં હાલમાં પાણીની વ્યવસ્થાની સ્થિતિ અને યોજનાની અસરકારકતા ચકાસવાનો પ્રયાસ છે.

આ અભ્યાસમાં યોજનાની સફળતા જોવા મળી છે. મોટા ભાગના કુટુંબોના ઘરે નળના જોડાણ થયા છે. તેમ છતા અભ્યાસક્ષેત્રના લોકો પીવાના પાણીની તંગી અનુભવી રહ્યા છે. તેનું મૂળ કારણ સરકારે પોતાની ફરજ પૂરી કરી પણ પાણી વાપરનારા પાણીના વ્યવસ્થાપનમાં નિષ્ફળ જણાયા છે. પાણીનો મૂળ સ્રોત, સંગ્રહ વ્યવસ્થા અને નળના જોડાણનો રખરખાવ ખામી ભરેલો જણાય છે. કોઇ ગામોમાં ભૌગોલિક પ્રતિકૂળતાને કારણે પાણીનો મૂળસ્રોત નિષ્ફળ છે. ક્યાક નળના જોડાણમાં ખામી છે. ક્યાક પાણીના સ્રોતોની જાળવણીમાં ખામી જણાઇ છે. વગેરે કારણોસર નળથી જળ યોજના ફળ સંપૂર્ણપણે લોકો ભોગવી શક્યા નથી.

**ચાવીરૂપ શબ્દો-** જળસંકટ, નળથી જળ, જળ વ્યવસ્થાપન, જળ વ્યવસ્થાનો પ્રભાવ.

**પ્રસ્તાવના**

NSSOના એક અભ્યાસ મુજબ ભારતમાં 54% ગ્રામીણ મહિલાઓને પીવાનું પાણી લાવવા માટે દરરોજ 200 મીટરથી 5 કિલોમીટરની વચ્ચે મુસાફરી કરવી પડે છે. તેઓ દરરોજ સરેરાશ 20 મિનિટ ચાલે છે અને પાણીના સ્રોત પર બીજી 15 મિનિટ વિતાવે છે. દર બીજી મહિલાએ પાણી લાવવા માટે વર્ષમાં 210 કલાક ખર્ચવા પડે છે. ભારતમાં અડધાથી વધુ નદીઓ અત્યંત પ્રદૂષિત છે. યમુના, ગંગા અને સાબરમતીના પાણી જોખમી અને કાર્બનિક સાથે વહે છે. ગુજરાતમાં પાણીનો મુખ્ય સ્રોત સપાટી પરનું પાણી છે. ગુજરાતમાં કુલ જળસંપત્તિ 55,608 મિલિયન ક્યુબિક મીટર છે. જેમાંથી 38,100 મિલિયન ક્યુબિક મીટર સપાટી પરનું પાણી છે. જે દેશના સપાટીના પાણીના સમગ્ર ક્વોટાના માત્ર 2% છે. ગુજરાતમાં તાપમાનના વધતાં સ્તર અને હીટવેવને કારણે ગુજરાત જળ સંકટનો સામનો કરી રહ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારોના ભાગોમાં જળસંકટ તીવ્ર છે. ઉનાળામાં 20 થી વધુ જિલ્લાઓ ગંભીર રીતે પ્રભાવિત હોય છે.

ભારત સરકાર દ્વારા પાણીની  આ અછતને દૂર કરવા ઇ.સ.2019માં નળથી જળ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના અન્વયે દરેક ઘરે નળના જોડાણ દ્વારા શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થશે. આ યોજના હેઠળ વર્ષ 2024 સુધીમાં દેશના તમામ ઘરોમાં નળ કનેક્શન દ્વારા પીવાનું પૂરતું પાણી પહોંચાડવાનો લક્ષ રાખવામાં આવ્યો છે. ગુજરાતનાં પ્રથમ તબક્કામાં 11 જિલ્લાઓમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને તબક્કાવાર બાકી રહેલા જિલ્લાઓમાં પણ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. યોજના અંતર્ગત રાજયમાં કુલ 91,77,459 ઘરો પૈકી 88,56,438 ઘરોને નળથી જળ યોજના અંતર્ગત નળ જોડાણ આપવામાં સફળતા મળી છે. દેશના મોટા રાજ્યોમાં ગુજરાત અગ્રેસર બની ગયું છે. વગેરે યોજનાની સફળગાથા સરકારી અહેવાલોમાં જોવા મળે છે. પરંતું ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં અંતરિયાળ ગામોમાં આ અહેવાલ લખાય છે, તે સમયે પીવાના પાણીની મુશ્કેલીઓ લોકો અનુભવી રહ્યા છે. ગામના એક બે હેન્ડપંપ પર રાત-દિવસ લાંબી લાઇનો જોવા મળે છે. આવી સ્થિતિમાં 'જળથી જળ' યોજનાના લાભ અને તેની અસરકારકતા તપાસવાનો પ્રસ્તુત અભ્યાસમાં પ્રયાસ છે.

**અભ્યાસના હેતુ -**

- પીવાના શુદ્ધ પાણીની વર્તમાન સમસ્યાઓ જાણવી.
- યોજના હેઠળ પાણીની પ્રાપ્તિ અને તેનો પ્રભાવ તપાસવો.
- યોજના હેઠળ પ્રાપ્ત થયેલ નળ અને જળની ગુણવત્તા જાણવી.
- નળ થી જળ યોજનાને કારણે પાણીની સમસ્યા કેટલા અંશે હલ થઇ છે તે તપાસવું

**અભ્યાસ પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક માહિતી આધારિત છે. આ અભ્યાસ દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના સંદર્ભમાં છે. ભારત સરકારના જળ જીવન મિશન હેઠળ સુબીર તાલુકામાં નળથી જળ યોજના અંતર્ગત બધા જ ઘરોને નળના જોડાણની કામગીરી 100 ટકા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી

છે. ડાંગ જિલ્લાના કુલ ત્રણ તાલુકા પૈકી સુબીર તાલુકો ભૌગોલિક અને વસ્તીની દ્રષ્ટિએ સૌથી નાનો તાલુકો છે. આ તાલુકામાં 99 ટકા આદિવાસી વસ્તી વસવાટ કરે છે. અહિ સરેરાશ 100 થી 150 ઇંચ વરસાદ પડે છે, પરંતુ સૌથી વધુ પાણીની તંગી આ તાલુકામાં જોવા મળે છે. તેથી અભ્યાસ માટે આ તાલુકાની પસંદગી કરી છે. પ્રાથમિક માહિતી મેળવવા માટે સુબીર તાલુકાના જે 85 ગામોમાં નળથી જળ યોજના અમલમાં છે, તે ગામો પૈકી સૌથી વધુ એટલે કે 300 થી વધુ કુટુંબો ધરાવતા 9 ગામ પસંદ કર્યા છે. પસંદ કરેલ દરેક ગામના કુલ કુટુંબોની સમષ્ટિમાંથી પાંચ ટકાએ યદ્દચ્છ રીતે 177 કુટુંબોની નિદર્શ તરીકે પસંદગી કરી છે. પસંદ કરેલ કુટુંબો પાસેથી અનુસૂચિના માધ્યમથી પ્રત્યક્ષ મુલાકાત દ્વારા પ્રાથમિક માહિતી મેળવી છે, ઉપરાંત કેટલીક માહિતી સ્થળ નિરિક્ષણ આધારિત છે. અભ્યાસક્ષેત્રમાંથી મેળવેલ પ્રાથમિક માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી તેના આધારે પરિણામ તારવ્યુ છે.

**અભ્યાસક્ષેત્રમાં નળ થી જળ યોજનાના અમલની સ્થિતિ**

નળ થી જળ યોજના અંતર્ગત ભારત સરકારે સમગ્ર દેશમાં 4 માર્ચ 2024ની સ્થિતિએ 74.92 ટકા કુટુંબોને નળ જોડાણથી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડ્યુ છે, તેમ પ્રમાણિત કરેલ છે. ભારતના 11 રાજ્યો કે જેમા નળથી જળ યોજનાની કામગીરી સંપૂર્ણ 100 ટકા પૂર્ણ થઇ ગઇ છે. એવા રાજ્યો/પ્રદેશોમાં ગોવા, આંદામાન-નિકોબાર, દાદરાનગર હવેલી, હરીયાણા, તેલંગણા, પોંડ્ચેરી, ગુજરાત, પંજાબ, હિમાચલ પ્રદેશ, અરૂણાચલ પ્રદેશ અને મિઝોરમનો સમાવેશ થાય છે.

હર ઘર જળ યોજનાની કામગીરી ગુજરાતમાં પૂર્ણ થઇ છે, પરંતુ જેમાના કેટલાંક તાલુકા અને ગામ પ્રમાણિત જાહેર કરવાના બાકી છે. જેમ કે 248 તાલુકામાંથી 156 (63 ટકા) તાલુકા પ્રમાણિત થયા છે. 17,871 નોંધાયેલા ગામો પૈકી 16092 (90 ટકા) ગામો પ્રસ્તુત યોજના હેઠળ પ્રમાણિત થયા છે. ગુજરાતના કુલ 10 જિલ્લા સંપૂર્ણ (100 ટકા) પ્રમાણિત થઇ ચૂક્યા છે. જેની વિગત નીચેના કોષ્ટક મુજબ જોઇ શકાય.

| S.No. | District | Total No. of households | Nos. of Households with tap Connection |
|---|---|---|---|
| 1 | Anand | 401409 | 401409 |
| 2 | Botad | 99640 | 99640 |
| 3 | Dang | 47511 | 47511 |
| 4 | Gandhinagar | 284911 | 284911 |
| 5 | Jamnagar | 142084 | 142084 |
| 6 | Mahesana | 510503 | 510503 |
| 7 | Morbi | 181498 | 181498 |
| 8 | Porbandar | 63572 | 63572 |
| 9 | Tapi | 239124 | 239124 |
| 10 | Vadodara | 295351 | 295351 |

સ્રોત- https://ejalshakti.gov.in/JJM/JJMReports/Physical/JJMRep_HarGharJalVillage.aspx , Department of Drinking Water and Sanitation, Ministry of Jal Shakti (GOI)- Data entered as on 03/03/2024 (12 O'clock-midnight)

ઉપરોક્ત કૌષ્ટકમાં દર્શાવેલ ગુજરાતના 10 જિલ્લા કે જેમાં યોજના હેઠળ નોંધાયેલા બધા જ તાલુકાના બધા જ ગામોના દરેક કુટુંબોને નળ જોડાણ દ્વારા પીવાનું શુદ્ધ પ્રમાણિત કરેલ પાણી પુરુ પાડવામાં આવે છે. અર્થાત આ દશે જિલ્લાના પ્રમાણિત કરેલા કુટુંબોને પીવાનું શુદ્ધ પાણી પહોંચી ગયું છે. પાણીની ગુણવત્તા અંગેનું ગામદીઠ પ્રમાણપત્ર પણ જલ જીવન મિશનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. ગુજરાતના આ 10 જિલ્લામાં ડાંગ જિલ્લો સૌથી નોંધપાત્ર જિલ્લો છે. કારણ કે આ જિલ્લો વરસાદની દ્રષ્ટિએ ગુજરાતનું ચેરાપૂંજી ગણાય છે. તેમ છતા પાણીની સૌથી વધુ તંગી આ જિલ્લામાં અનુભવાય છે. માર્ચ મહિના પછી લોકોને પીવાના પાણી માટે હેન્ડપંપ પર લાંબી લાઇનો લગાવવી પડે છે. આવી સ્થિતિ ધરાવતા ડાંગ જિલ્લાના લોકો માટે હર ઘર જળ યોજના કેટલી મહત્વની છે તે સમજી શકાય. સરકાર દ્વારા યોજના અન્વયે પુરું પાડેલ નળ થી જળની વિગત નીચે મુજબ છે.

**ડાંગ જિલ્લામાં નળથી જળ યોજનાના અમલીકરણની સ્થતિ**

| List of Har Ghar Jal (100 % FHTC Coverage) certified block | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **S.No.** | **State** | **District** | **Block** | **Block Id** | **Total No. of households** | **Nos. of Households with tap Connection** |
| 1 | Gujarat | Dang | Ahwa | 2125 | 17789 | 17789 |
| 2 | Gujarat | Dang | Subir | 7350 | 13796 | 13796 |
| 3 | Gujarat | Dang | Waghai | 7351 | 15926 | 15926 |

સ્રોત- https://ejalshakti.gov.in/JJM/JJMReports/Physical/JJMRep_HarGharJalVillage.aspx , Department of Drinking Water and Sanitation, Ministry of Jal Shakti (GOI)- Data entered as on 03/03/2024 (12 O'clock-midnight)

નળ થી જળ યોજના અંગેની સરકારે જાહેર કરેલ માહિતી મુજબ ડાંગ જિલ્લાના ત્રણે તાલુકાના યોજના હેઠળ નોંધાયેલા 303 ગામોના બધા જ કુટુંબોને નળના જોડાણ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પુરું પાડાવામાં આવ્યું છે. અર્થાત 100 ટકા પ્રમાણિત જિલ્લો જાહેર થયો છે. પ્રસ્તુત અભ્યાસ માટે સૌથી વધુ પાણીની તંગી અનુભવતા સુબીર તાલુકાને ધ્યાનમાં લીધુ છે. સુબીર તાલુકાના પણ નોંધાયેલા બધા ગામના દરેક કુટુંબોને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરવાનું પ્રમાણિત કરેલ છે. સુબીર તાલુકો ડાંગના દક્ષિણ ગુજરાતનો છેડો, સૌથી અંતરિયાળ, 99 ટકા આદિવાસી વસ્તી ધરાવનાર મહારાષ્ટ્રની સરહદે આવેલો છે. આ તાલુકામાં સૌથી વધુ પાણીની તંગી અનુભવાય છે. સરકારી વિકાસના લાભો પણ તુટક તુટક માંડ માંડ પહોંચે છે. આવા તાલુકામાં દરેક ઘરે શુદ્ધ પાણીનો નળ પહોંચી જાય એ સ્થાનિક અભ્યાસુ માટે જિજ્ઞાશા જગાડે તેમ છે. આ બાબતની વાસ્તવિકતા તપાસવાની જિજ્ઞાશાથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો. જેના મુખ્ય તારણો નીચે મુજબ છે.

## અભ્યાસના મુખ્ય તારણો


### નળથી જળની પ્રાપ્તિ અને ગુણવત્તા

- નળથી જળ યોજના અંતર્ગત અભ્યાસક્ષેત્રના 96 ટકા કુટુંબોના ઘરે નળનું જોડાણ થઇ ગયુ છે. ટૂંકમાં અમુક અપવાદરૂપ કુટુંબોને બાદ કરતા બધા કુટુંબોના ઘરે નળ પહોંચી ગયા છે. એમા કોઇ શંકા નથી. દરેક ઘરે નળ દેખાતા નથી એમ બને, કારણ કે, નળની ચકલી ગોઠવ્યા પછી લોકોએ તેનો પાઇપ છુટો પાડી પોતાની ખાનગી ટાંકી કે સંગ્રહ વ્યવસ્થા સાથે જોડી દિધેલી જોવા મળે છે.
- દરેક ઘરે નળ તો પહોંચી ગયું પણ નળમાં પાણી આવે છે કે નહી તેમ પુછતા 62 ટકા કુટુંબોના ઘરે પાણી આવે છે તેમ જાણવા મળ્યું. એનો અર્થ 38 કુટુંબોના ઘરે નળ તો પહોંચી ગયો પણ જળ પહોંચ્યું નથી. જેમના ઘરે જળ નથી પહોંચ્યું તેમની સાથે ચર્ચા કરતા જાણવા મળ્યુ કે જ્યારે નળનું જોડાણ કરવામાં આવ્યુ હતું, ત્યારે પાણી ચાલુ થયું હતું, પરંતુ થોડા સમય પછી બંધ થઇ ગયુ હતુ. અર્થાત સરકારના દાવા પ્રમાણે પાણી તો પહોચ્યુ હતું પણ અધ વચ્ચે કોઇ કારણસર પાણી અટકી ગયું. જેના કારણોની તપાસ કરતા માલુમ પડ્યુ કે જેમના ઘરે પાણી નથી આવતું એવા 53 ટકા કુટુંબોના નળનું જોડાણ તુટી ગયું છે. અધવચ્ચેથી પાઇપ તુટી ગયું છે, કાઢી નાખ્યુ છે, રીપેર કરવાનો બાકી છે વગેરે પ્રશ્નોને કારણે નળનું જોડાણ કપાઇ ગયું છે. જ્યારે 35 ટકા કુટુંબો પાણીના મૂળ સ્રોતમાં પાણી ખૂટી ગયુ છે તેમ જણાવે છે. આ ઉપરાંત ટેકરા પર ઘર હોવાથી પાણી પહોંચતું નથી, પાણી છોડવાની જવાબદારી સંભાળનાર વ્યક્તિનો અભાવ વગેરે કારણોસર પાણી હાલની સ્થિતિએ આવતું નથી. આમ, યોજના હેઠળ નળ અને જળ બંને પહોંચ્યા તો છે, પણ યોગ્ય વ્યવસ્થા/સંચાલનના અભાવે પાણી બંધ થઇ ગયુ છે.
- યોજના અંતર્ગત 62 ટકા ઘરોને પાણી પહોચ્યુ છે, પરંતુ તે પીવા લાયક છે, કે કેમ તે તપાસ કરતા, 87 ટકા કુટુંબોના મતે પાણી પીવા લાયક નથી એટલે કે તેઓ નળનું પાણી પીતા નથી. આ વધારે ગંભિર પ્રશ્ન છે. આ અંગે વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતા જાણવા મળ્યુ કે પાણીનો મૂળ સ્રોત કૂવો અને પાણીની મુખ્ય ટાંકી ગંદી છે, તેની સફાઇ થતી નથી. આમ, પાણીના વિતરણના યોગ્ય સંચાલનના અભાવે લોકોની પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ થઇ નથી.

## નળથી જળની પ્રાપ્તિની સમય મર્યાદા

- આ અભ્યાસનો સર્વે થઇ રહ્યો હતો ત્યારે સુબીર તાલુકાના ઘણા ગામોમાં અમૂક સ્થળે આવેલ કૂવા અને હેન્ડપંપ પર પાણી ભરવાની લાઇન જોવા મળી. લોકો દૂરથી પાણી લાવતા હોય તેમ પણ જોવા મળ્યુ. ત્યારે પ્રશ્ન થાય કે ઘરે ઘરે નળથી સરકાર દ્વારા પાણીની વ્યવસ્થા કરી હોવા છતા આમ કેમ ? જેના ઉત્તરરૂપે જાણવા મળ્યું કે વાસ્તવમાં નળથી જે ઘરોને પાણી પહોચ્યુ છે, તે બારેમાસ નથી. અભ્યાસક્ષેત્રના 63 ટકા કુટુંબોના જણાવ્યા મુજબ માર્ચ મહિનાથી જ નળમાં પાણી બંધ થઇ જાય છે, જ્યારે 16 ટકા કુટુંબો તો ફેબ્રુઆરી મહિનાથી જ પાણી ખૂટી જવાનું જણાવે છે. તેથી મોટાભાગના કુટુંબો એપ્રલ થી જુન મહિનામાં પાણીની તંગી અનુભવે છે. આમ, સુબીર તાલુકામાં એપ્રલ થી જુન મહિનામાં પાણીની સમસ્યા હજી યથાવત છે.


- વર્ષના અમુક મહિનાઓ દરમિયાન નળમાં પાણી આવે છે તેમને અઠવાડિયામાં કેટલા દિવસ પાણી મળે છે તેની તપાસ કરતા જાણવા મળ્યું કે, મોટાભાગના એટલે કે, 48 ટકા કુટુંબોને અઠવાડિયામાં બે દિવસ પાણી મળે છે. જ્યારે 23 ટકા કુંટુંબોને ત્રણ દિવસ મળે છે. ઉપરાંત 21 ટકા કુટુંબોને ક્યારે મળશે એની ખાતરી હોતી નથી એટલે કે અનિશ્ચિત હોય છે. દરરોજ પાણી મળતુ હોય એવા માત્ર ચાર ટકા કુટુંબો છે.




સ્રોત- પ્રાથમિક માહિતીના વિશ્લેષણ આધારિત

- જે કુટુંબોને અઠવાડિયાના અમુક દિવસો પાણી મળે છે તેમને દિવસમા કેટલા કલાક પાણી મળે છે, તે અંગે તપાસ કરતા 64 ટકા કુટુંબોને દિવસમાં 30 મિનિટથી પણ ઓછો સમય પાણી મળે છે. જ્યારે 23 ટકા કટુંબોને એક કલાક પાણી મળે છે. બાકીના 11 ટકા કુટુંબો અનિશ્ચિત જણાવે છે. આમ જેમને વર્ષના અમુક મહિના પાણી મળે છે તે પણ અઠવાડીયાના અમુક દિવસો, દિવસના અમુક કલાક અને અમુક મિનિટ કરતા કરતા ધીરે ધીરે ઓછુ થતુ જાય છે અને અંતે બંધ થઇ જણાવાનું વલણ જોવા મળે છે. જે ઉપરોક્ત આલેખમાં જોઇ શકાય.


## હાલમાં પીવાના પાણીની વ્યવસ્થા અને પ્રશ્નો




સ્રોત- પ્રાથમિક માહિતીના વિશ્લેષણ આધારિત

- ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં ઉનાળાના ચાર મહિના પીવાના પાણીની જે તંગી ઊભી થાય છે. તેનો સંપૂર્ણ ઉકેલ નળથી જળ યોજના દ્વારા પણ લાવી શકાયો નથી. તેથી આ ગાળા દરમિયાન લોકોને પીવાના પાણીની શુ વ્યવસ્થા છે તે અંગે તપાસ કરતા જાણવા મળ્યુ કે, મોટાભાગના એટલે કે 70 ટકા કુટુંબો પીવાના પાણી માટે હેન્ડપંપનો ઉપયોગ કરે છે. ગામના દૂરના ભાગે જે હેન્ડપંપ પર પાણી નિકળતું હોય ત્યા દેગડા ભરવા જવું પડે છે. જ્યારે 14 ટકા કુટુંબો હજુ પણ નદીમાં ઝરા બનાવીને પાણી ભરે છે. 10 ટકા કુટુંબોએ પાણીની વ્યવસ્થા જાતે કરી છે. માત્ર પાંચ ટકા પરિવારો પીવા માટે પાઇપલાઇનનો ઉપયોગ કરતા જણાયા છે.
- જે કુટુંબો પીવાનું પાણી ભરવા દૂર જાય છે તે પૈકી 65 ટકા કુટુંબો 1 થી 2 કિ.મી.ના અંતરે દૂર પાણી ભરવા જાય છે. જ્યારે 13 ટકા કુટુંબોને 2 કિ.મી. કરતા પણ દૂર પાણી ભરવા જવું પડે છે. આ માટે મોટાભાગના એટલે કે 72 ટકા કુટુંબો સરેરાશ દૈનિક 1 થી 2 કલાકનો સમય પાણી ભરવા માટે ખર્ચે છે. ક્યારેક તો પોતાનો વારો આવે એની રાહ જોવામાં ત્રણ-ચાર કલાક પણ જતા રહે છે, તેમ જણાવનાર કુટુંબોનું ટકાવારી પ્રમાણ 11 ટકા છે.
- પાણી ભરવા દૂર જનાર મોટાભાગના એટલે કે 81 ટકા કુટુંબોની મહિલાઓ દેગડા ભરીને માથા પર પાણી લાવે છે. જ્યારે આ સિવાયના કુટુંબો બળદગાડૂ અને મોટરસાઇકલનો ઉપયોગ કરે છે.

**પાણીની તંગીને કારણે ઊભી થતી સમસ્યાના અંગેના મંતવ્યોની ટકાવારી**




સ્રોત- પ્રાથમિક માહિતીના વિશ્લેષણ આધારિત

- પાણીની તંગી અનુભવતા કુટુંબો વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જેમ કે દૂર પાણી ભરવા જવાને કારણે સમય બગડે છે, કલાકો સુધી લાઇનમાં ઊભા રહેવું પડે, પાણી માટે ઝઘડાઓ થાય, ઉજાગરા કરવા પડે વગેરે સમસ્યાઓનો સામનો કરતા કુટુંબોની ટકાવારી 60 થી 70 ટકાની વચ્ચે છે.
- આ ઉપરાંત પાણી ભરવા સમય બગડવાને કારણે કામ-ધંધે સમયસર પહોચી શકાતું નથી, બાળકોને સમયસર શાળાએ મોકલી શકાતા નથી, ચોક્કસ સમયે જમવાનું બનાવી શકાતું નથી, ગંદાપાણીથી બીમારી વધે છે તથા પાણીના અભાવે શૌચાલયનો ઉપયોગ કરી શકાતો નથી વગેરે નકારાત્મક અસરો પણ જોવા મળે છે.

**ઉપસંહાર-**

ભારત સરકાર દ્વારા પીવાના શુદ્ધ જળના સંકટને દૂર કરવાનો પ્રસંશનિય પગલુ એટલે જળ જીવન મિશન, હર ઘર જળ, નળથી જળ. જેમા સૌ પ્રથમવાર દેશમાં લોકોને પીવાનુ શુદ્ધપાણી દરેક ઘરે નળથી પહોચાડવાની સરકારે ખાતરી આપી છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવતા આંકડાઓનો અભ્યાસ કરતા ખાતરી પ્રમાણે સરકાર આ કાર્યમાં ઝડપથી સફળ થઇ રહી છે. પીવાના પાણી વર્ષોથી તંગી અનુભવતા ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં આ યોજનાની કામગીરી સંપૂર્ણ 100 ટકા પ્રમાણિત રીતે પૂર્ણ થઇ છે. તેમ છતા ડાંગના સુબીર તાલુકાના લોકો પીવાના પાણીની તંગી અનુભવી રહ્યા છે. તેનું મૂળ કારણ યોજનાનો અસરકારક અમલનો અભાવ છે. સરકારે પાતાની ફરજ પૂરી કરી પણ પાણી

વાપરનારા પાણીના વ્યવસ્થાપનમાં નિષ્ફળ જણાયા છે. કોઇ ગામોમાં ભૌગોલિક પ્રતિકૂળતાને કારણે પાણીનો મૂળસ્રોત નિષ્ફળ છે. ક્યાક નળના જોડાણમાં ખામી છે. ક્યાક પાણીના સ્રોતોની જાળવણીમાં ખામી જણાઇ છે. વગેરે કારણોસર નળથી જળ યોજના ફળ સંપૂર્ણપેણે લોકો ભોગવી શક્યા નથી.

**સંદર્ભ**


- જિલ્લા આંકડાકીય રૂપરેખા-2022-23, આંકડાશાખા, ડાંગ જિલ્લા પંચાયત કચેરી, આહવા, ડાંગ.
- જિલ્લાની સામાજિક-આર્થિક સમિક્ષા-2022-23, આંકડાશાખા, ડાંગ જિલ્લા પંચાયત કચેરી, આહવા, ડાંગ.
- જિલ્લાનો વાર્ષિક વહીવટી અહેવાલ-2022-23, આંકડાશાખા, ડાંગ જિલ્લા પંચાયત કચેરી, આહવા, ડાંગ.
- વિકાસ વાટીકા-ડાંગ, આંકડાશાખા, ડાંગ જિલ્લા પંચાયત કચેરી, આહવા, ડાંગ.
- પાણી પુરવઠા દફ્તર(2022-23), પાણી પૂરવઠા કચેરી, આહવા-ડાંગ.
- https://ejalshakti.gov.in/JJM/JJMReports/Physical/JJMRep_HarGharJalVillage.aspx , Department of Drinking Water and Sanitation, Ministry of Jal Shakti (GOI)- Data entered as on 03/03/2024 (12 O'clock-midnight).
- https://dangdp.gujarat.gov.in/en/home (as on 4/3/2024).


****